અપીલ અરજી નં.૧૨૪ તા.૭–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૯–૫–૧૦ ની અરજીથી ૨૧૩ , સાંઈબાબા સોસાયટી, ૧૨૦ ફુટ બમરોલી રોડ, ૯૭, કર્મયોગી સોસા., વિ–૧ ( પાર્ટ–બી) ૧૨૦, કુટ બમરોલી રોડ, ૩૯/૪ડી, સર્વોદય નગર,૧૨૦ ફુટ બમરોલી રોડ, ૨૫૮,ધર્મયુગ સોસા., ઉધના, ૯૭,સર્વોદયનગર સોસા.,૧૨૦ ફુટ બમરોલી રોડ,૨૦૭ ધર્મયુગ સોસાયટી, ઉધના, ૨૧૪ ધર્મયુગ સોસાયટી,ઉધના. (૧) ગેરકાયદે ઉભા કરાયેલ ઉપરોકત બાંધકામો પૈકીના કેટલા બાંધકામોનું ડીમોલીશન આપના વિભાગ તરફથી અત્યાર સુધીમાં કરવામાં આવેલ છે? કયા–કયા? વિ. મુદ્દા નં. ૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૨૪/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૯–૫–૧૦ ની અરજીથી ૨૧૩ , સાંઈબાબા સોસાયટી, ૧૨૦ ફુટ બમરોલી રોડ, ૯૭, કર્મયોગી સોસા., વિ–૧ (પાર્ટ–બી) ૧૨૦, કુટ બમરોલી રોડ, ૩૯/૪ડી, સર્વોદય નગર,૧૨૦ ફુટ બમરોલી રોડ, ૨૫૮,ધર્મયુગ સોસા., ઉધના, ૯૭,સર્વોદયનગર સોસા.,૧૨૦ ફુટ બમરોલી રોડ,૨૦૭ ધર્મયુગ સોસાયટી, ઉધના, ૨૧૪ ધર્મયુગ સોસાયટી,ઉધના. (૧) ગેરકાયદે ઉભા કરાયેલ ઉપરોકત બાંધકામો પૈકીના કેટલા બાંધકામોનું ડીમોલીશન આપના વિભાગ તરફથી અત્યાર સુધીમાં કરવામાં આવેલ છે? કયા–કયા? વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧,૨,૪,૫ ની માહિતી મુદત વીતી ગઈ હોવા છતાંય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮૧ તા.૧૪–૭–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)તથા અરજદારને અપીલ અરજીમાં મુદ્દા નં.૨ અને ૩ ની વિગતો જોતાં મુદ્દા નં.૩ ની સ્થિતિએ મળેલ નહીં મળેલ માહિતી સ્પષ્ટ કરવા. અને ત્યાર બાદ મુદ્દા નં.૨ ની કઈ માહિતી નથી મળી તે અંગે સ્પષ્ટતા કરવા જણાવવામાં આવે છે. જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગો મળેલ નથી . પરંતુ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૪૧૨ તા.૭–૬–૧૦ થી મુળ અરજીની નકલસહ અરજદારને પાઠવેલ પત્ર નં.આરટીઆઈ/૪૦૮ તા.૫–૬–૧૦ ની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી પણ પત્રના સંદર્ભે અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૯–૫–૧૦ ની અરજીથી ૨૧૩ , સાંઈબાબા સોસાયટી, ૧૨૦ ફુટ બમરોલી રોડ, ૯૭, કર્મયોગી સોસા., વિ–૧ (પાર્ટ–બી) ૧૨૦, કુટ બમરોલી રોડ, ૩૯/૪ડી, સર્વોદય નગર,૧૨૦ ફુટ બમરોલી રોડ, ૨૫૮,ધર્મયુગ સોસા., ઉધના, ૯૭,સર્વોદયનગર સોસા.,૧૨૦ ફુટ બમરોલી રોડ,૨૦૭ ધર્મયુગ સોસાયટી, ઉધના, ૨૧૪ ધર્મયુગ સોસાયટી,ઉધના. તેવી વિગતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં (૧) ગેરકાયદે ઉભા કરાયેલ ઉપરોકત બાંધકામો પૈકીના કેટલા બાંધકામોનું ડીમોલીશન આપના વિભાગ તરફથી અત્યાર સુધીમાં કરવામાં આવેલ છે? કયા–કયા? મુદ્દા નં.૨. ઉપરોકત બાંધકામોની આકારણી આપના વિભાગ તરફથી કયારે કયારે કરવામાં આવી. તેના નામ સરનામા તારીખ સહિતની વિગતવાર માહિતી આપશો. મુદ્દ ાનં.૩ ઉપરોકત બાંધકામોમાં હાલમાં કોણ કોણ વસવાટ કરી રહયું છે તથા આ બાંધકામો હાલમાં કોના કોના નામે બોલે છે તેની મિલ્કતધારકોના નામ હાલમાં વસવાટ કરનારાઓના નામ સરનામા સહિતની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.૪ ઉપરોકત બાંધકામોમાં ડ્રેનેજ લાઈન તથા નળ કનેકશનનું આપના વિભાગ ધ્વારા કઈ કઈ તારીખે જોડાણ કરવામાં આવ્યું. તેના નામ સરનામા જોડાણની તારીખ સહિતની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.૫ ગેરકાયદેસર કે મંજુર પ્લાન વિરુધ્ધ ઉભા કરાયેલા બાંધકામોમાં આપના વિભાગ તરફથી નળ જોડાણ તેમજ ડ્રેનેજ લાઈનનું જોડાણ આપી શકે કે કેમ? જો આપી શકાતું હોય તો આ જોડાણ લેનાર મિલ્કતધારકે તેના માટે આપના વિભાગમાં કયા કયા ડોકયુમેન્ટ રજૂ કરવાના હોય છે તેની વિગતવાર માહિતી આપશો તથા ઉપરોકત મિલ્કતોમાં નળ તેમજ ડ્રેનેજ લાઈનનુ જોડાણ લીધા પૂર્વે મિલ્કતધારકોએ તે ડોકયુમેન્ટ આપની કચેરીમાં રજૂ કર્યા હતા કે કેમ તેની વિગત આપશો. જો ડોકયુમેન્ટ રજૂ કર્યા હોય તો તેની નકલો સહિતની વિગતો આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/ ૪૦૮ તા.૫–૬–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી મુદ્દા નં.૧,૨ ,૪ અને ૫ ની માહિતી મુદત વીતી ગઈ હોવાછતાં મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદાર તરફથી મુદ્દા નં.૨ અને ૩ ની લગભગ સમાન વિગતો જોતાં મુદ્દા નં.૩ ની સ્થિતિ મળેલ નહીં મળેલ માહિતી સ્પષ્ટ કરવા અને ત્યાર બાદ મુદ્દા નં.૨ ની કઈ માહિતી નથી મળી તેની સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી તેવી કોઈ વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ અને ૩ બાબતે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડેલ જણાય છે. જયારે મુદ્દા નં.૧,૪ અને ૫ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડેલ જણાતી નથી તેમજ માહિતીના ઈન્કાર અંગે અપવાદનું કારણ પણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારે તા.૧૯–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧,૪ અને ૫ ની માહિતી  જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડેલ ન  હોય  આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે  અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા  કાર્યપાલક ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ :  –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ... ..જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,